# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૪/૭/૨૦૨૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ‘હુ મુવ્ડ્ માય ચીઝ’ વિશે મહત્વનો વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૩ જુલાઇ ૨૦૨૦ના રોજ સાંજે ૬:૦૦ કલાકે ‘હુ મુવ્ડ્ માય ચીઝ’ વિષય ઉપર ૯૧માં વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ફાયનાન્શીયલ સુપરમાર્કેટ ગૃપના ફાઉન્ડર સીએ ગૌરવ સિંઘવીએ જીવનમાં સફળ થવા માટે સતત પરિવર્તન લાવવાની દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

સીએ ગૌરવ સિંઘવીએ જણાવ્યુ હતુ કે, તેમના જીવનમાં ૫ માર્ચના રોજ દિકરાનો જન્મ થયો હતો અને ૧૩ માર્ચના રોજ તેમણે રિલાયન્સની નોકરી છોડી દીધી હતી. તે સમયે સુરતમાં કોઇ પરીચિત ન હતા છતા તેમણે સીએ તરીકે જુદા–જુદા શહેરોમાં ઓફિસો ખોલી હતી. ફરીથી તેમણે જીવનમાં બદલાવ લાવ્યો હતો અને ૧૩ જેટલા જુદા–જુદા બિઝનેસ શરૂ કર્યા હતા. ત્યારબાદ સુરતમાં વર્ષ ૨૦૧૫માં એન્જલ ફન્ડીગ કંપની શરૂ કરી હતી અને હાલ ૫૭ જેટલી સ્ટાર્ટઅપ કંપનીમાં તેમણે રોકાણ કર્યુ છે. સાથે જ કોર્પોરેટ, કમ્યુનિટીઝ અને રીડીગ કનેકશન કરી રાખ્યું છે.

જીવનમાં બદલાવ લાવવાની પ્રક્રિયાની સમજણ તેમણે ‘હુ મુવ્ડ્ માય ચીઝ’ નામના પુસ્તકમાંથી ચીઝ અને ચાર જુદા–જુદા કેરેકટર્સ વિશે ચર્ચા કરીને આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, યુગ પરિવર્તનનો સમય હાલ ચાલી રહયો છે. જીવનમાં જે કંઇપણ શીખવું હોય તે હાલમાં શીખી શકાય છે. તમારી પાસેની સારી ગાડી, સારા ગ્રાહક અને સારો બિઝનેસ તમને આનંદ આપે છે. પરંતુ જીવનમાં આગળ વધવા માટે પોતાને બદલીને આ આનંદવાળા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવું પડશે.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, કોરોનાની મહામારીમાં લોકડાઉનને કારણે વેપારીઓ દુકાનો ખોલી શકયા ન હતા પરંતુ તેઓએ એમેઝોન વિગેરે ઇ–કોમર્સ પર જવાનો વિચાર પણ કર્યો ન હતો. આજે ત્રણ મહિનામાં આ વેપારીઓની હાલત કફોડી થઇ ગઇ છે. સમયની માંગ મુજબ જે વેપારીઓએ જીવનમાં તેમજ બિઝનેસમાં બદલાવ લાવ્યો તેઓની આર્થિક સ્થિતિ અન્ય વેપારીઓ કરતા આજે ઘણી સારી છે. આથી જીવનમાં આગળ વધવા માટે પરિવર્તન લાવવું જ પડશે. જીવનમાં કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવા માટે ભય સતાવશે અને તેને કારણે જીવનમાં યોગ્ય દિશામાં બદલાવ લાવી શકાતો નથી. પરંતુ દરેક પ્રકારના ભયમાંથી મુકત થઇને પરિવર્તન લાવવુ પડશે.

સીએ સિંઘવીએ વધુમાં કહયું હતું કે, આપણે જે કોઇ બિઝનેસ માટે કે નોકરી માટે કમ્ફર્ટતા અનુભવીએ છીએ ત્યારે ચેતવું જોઇએ. કારણ કે ભવિષ્યમાં આવા જ પ્રકારના બિઝનેસમાં અને નોકરીમાં નવીનતા ચોકકસપણે આવી જશે. આ બાબતને સમયસર ઓળખીને આવનારી નવીનતાને સ્વીકારી લેવી પડશે અથવા તેનો અમલ કરવો પડશે. તમે જે બનવા માટે વિચારો છો અને તે દિશામાં યોગ્ય પ્રયાસ કરો છો તો તમે ભવિષ્યમાં ત્યાં સુધી પહોંચી જ જશો. કારણ કે દુનિયામાં આકર્ષણનો સિદ્ધાંત કામ કરે છે. જીવનમાં આગળ વધવા માટે અને બદલાવ માટે તમારે નવો રસ્તો શોધવો જ પડશે.

જીવનમાં પરિવર્તનની સમજણ આપતા તેમણે કહયું કે, વિશ્વમાં હવે વર્ચ્યુઅલ હંબલનેસ નામનો નવો શબ્દ આવી ગયો છે. પહેલા લાખો–કરોડો રૂપિયા લઇને મોટીવેશનલ સ્પીચ આપનારા વકતાઓને પણ આજે વર્ચ્યુઅલ હંબલનેસનો સહારો લેવો પડયો છે. કારણ કે તેઓ આ બદલાવ તેમના જીવનમાં કે બિઝનેસ/પ્રોફેશનમાં નહી લાવશે તો તેમની જગ્યા કોઇ બીજો લઇ લેશે. બિઝનેસની સાથે સંકળાયેલા લોકો આજે ફુર્તીની જ વાત કરી રહયાં છે. આગળ વધવા માટે આપણને કઇ દિશામાં તક મળી શકે છે તે અંગે સતત વિચારતા રહેવું પડશે.

તેમણે વધુમાં કહયું કે, નોલેજ અને ઇન્ફોર્મેશનથી બિઝનેસમાં કે જીવનમાં ઉભી થનારી નવી તકની તમે સ્મેલ કરી શકો છો. નસીબ એ વ્યકિતગત બાબત નથી. જીવનમાં મળતી કોઇપણ સારી તકને ઝડપી લેવા માટે પોતાની જાતને તૈયાર કરી હોય અને તેના માટે પૂરતો પ્રયાસ કર્યો હશે તો તમે ચોકકસપણે સફળ થશો. જીવનમાં સૌથી મહત્વની પ્રાયોરિટી પરિવારની હેપ્પીનેસ છે. જેના પરિવારમાં હેપ્પીનેસ હશે તેનો બિઝનેસ પણ સારો ચાલશે. સારા બદલાવ માટે તમારે ઇમેજીન કરવુ પડશે. જૂની બાબતોને ભૂલીને અને તરછોડીને નવા હર્ષોલ્લાસ સાથે જીવનમાં આગળ વધવા માટે તેમણે બધાને અપીલ પણ કરી હતી.

આજના વેબીનારમાં ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. ચેમ્બરની કોર્પોરેટ લાયઝન કમિટીના ચેરમેન તેમજ એચઆર એન્ડ ટ્રેનીંગ કમિટીના કો–ચેરમેન શ્રી ચિરાગ દેસાઇએ વેબીનારનું સંચાલન સુપેરે પાર પાડયુ હતુ. અંતે ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુક્લએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.